# ભાગ્ય બડે જહાં સંત પધારે

**સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં ઑસ્ટ્રેલિયામાં વિચરણ**

**પર્થ :** ન્યૂઝીલૅન્ડ તેમજ ઑસ્ટ્રેલિયાના બ્રિસબૅન, મૅલબૉર્ન, ઍડ્‌લિડ, સિડની તથા તાન્ઝાનિયામાં સત્સંગલાભ પ્રદાન કરી પૂ. અશ્વિનદાદા અને સંતો ૪ જૂનના રોજ પર્થ પધાર્યા. ૫ જૂને સવારે માનસીબહેન ઝવેરીની ઑફિસે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. પલ્લવીબહેન (રાજકોટ), દીકરી રાજવી, રાજ (અમદાવાદ) અને સિમોનીના ઘરે પધરામણી કરી, થાળ-આરતી-પૂજન કરીને આશીર્વાદ આપ્યા. અમુભાઈના ઘરે પધરામણી, આરતી કરી સૌ કુટુંબીજનોને રૂડા આશીર્વાદ આપ્યા. ત્યાંથી પરીખસાહેબની દીકરી નેહાબહેન અને રોનકભાઈના ઘરે સભામાં મંડળના સૌ મુક્તોને આશીર્વાદ પ્રદાન કર્યા. ૬ જૂને સાંજે માનસીબહેન-સમીરભાઈ ઝવેરીના ઘરે સભામાં સાધુ પૂ. સતીશદાસજીએ માહાત્મ્યદર્શન કરાવ્યું ને પૂ. અશ્વિનદાદાએ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ૭ જૂને સવારે પ્રિયંકાબહેન-અંકુરભાઈ, હેત, આર્યાના ઘરે પધરામણી કરી થાળ-આરતી કર્યાં. ત્યાંથી રોહનભાઈના ઘરે પધારી ગોષ્ઠિ કરી સાંજે દીપ્તિબહેન-રોમિતભાઈના ઘરે પધરામણી કરી થાળ-આરતી બાદ ભજનસંધ્યાનો લાભ લીધો. ૮ જૂને સાંજે ઑનલાઈન બાળમંડળની સભામાં બાળકોએ પૂછેલા પ્રશ્નોના સુંદર જવાબ પૂ. અશ્વિનદાદાએ આપી તેઓના મનનાં સમાધાન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ થાળ, આરતી કરી ગોષ્ઠિમાં જોડાયેલા સૌ મુક્તોના પ્રશ્નોનાં સમાધાન કરી રાજી કર્યા. ૯ જૂને સવારે પૂજાદર્શનનો લાભ આપી શિબિરસ્થળ 'ધ લૉગ કૅબિન કૅમ્પ' જવા પ્રસ્થાન કર્યું. સાંજે આરતી કરી સભામાં સાધુ પૂ. ઉત્પલદાસજીએ માહાત્મ્યદર્શન કરાવ્યું.

૧૦ જૂને વહેલી સવારે પૂ. અશ્વિનદાદા સાથે યુવાનોએ મોર્નિંગ વૉક કરી અદ્‌ભુત લાભ લીધો. સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનાં અસ્થિપુષ્પ વિસર્જન મહાપૂજામાં યજમાન તરીકે કેયૂરભાઈ, સમીરભાઈ, રોમિતભાઈએ જોડાઈ શ્રદ્ધાંજલિ આપી. ત્યારબાદ વહેતા ઝરણામાં શાંતિશ્લોકગાન અને ધૂન કરી અસ્થિપુષ્પો વિસર્જિત કર્યાં. સાંજે સભામાં સાધુ પૂ. સતીશદાસજીએ મહિમાગાન કર્યાં અને પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવી સૌને માહાત્મ્યમાં તરબોળ કર્યા. ૧૧ જૂને સાંજે સમીરભાઈ-માનસીબહેનના ઘરે સભામાં પૂ. સતીશદાસજીએ મહિમાગાન કર્યાં અને પૂ. અશ્વિનદાદાએ સૌને રૂડા આશીર્વાદ આપી ધન્ય કર્યાં. ૧૨ જૂન-બ્ર.સ્વ. કાકાજી મહારાજના પ્રાગટ્યદિને સવારે પુનિતભાઈ-કુંજનીબહેનના ઘરે, સાંજે પ્રિયંકાબહેન-અંકુરભાઈના ઘરે મહાપૂજા કરી આશીર્વાદ પાઠવ્યા. ૧૩ જૂને સવારે ડૉ. અમીબહેનના ઘરે અને સાંજે શોભનાબહેન-સંજયભાઈના ઘરે પધરામણી કરી, પ્રાર્થનાઓ કરી અને સત્સંગ-સમાગમનું દિવ્ય સુખ આપ્યું. ૧૪ જૂને સવારે ભાવિનભાઈ દેસાઈની રેસ્ટોરન્ટમાં પધરામણી કરી સૌ મુક્તોને આશીર્વાદ આપી ધન્ય કર્યા. ત્યાંથી અંકિતભાઈ-માનસીબહેન, ચિરાગભાઈ-નિરાલીબહેન પટેલ, અનિલભાઈ-રીટાબહેન, ભાવિનભાઈ, બિરેનભાઈ, અમિતભાઈ-વિદુષીબહેન, દર્શિતભાઈ-શ્રદ્ધાબહેનના ઘરે પધારી થાળ, આરતી, ધૂન કરી આશીર્વાદ આપ્યા. ૧૫ જૂને સવારે સમીરભાઈ-માનસીબહેનના ઘરે મહાપૂજા કરી સાંજે વિદાય-મિલન સભામાં સૌ મુક્તોએ પૂ. અશ્વિનદાદાનો આભાર માની અશ્વિનદાદાનાં દર્શન, પ્રેમપ્રસાદી અને દિવ્યતાનો લાભ મળ્યો ને જે અનુભૂતિ-દર્શન થયાં તેનું માહાત્મ્યગાન કરી ભાવભર્યા હૈયે વિદાય અર્પી. ◆



પર્થ-ઑસ્ટ્રેલિયામાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી



પર્થ-ઑસ્ટ્રેલિયામાં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનાં અસ્થિપુષ્પ વિસર્જનની મહાપૂજા